For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સેન્સ પ્રક્રિયાના પ્રથમ દિવસે જ ઉમેદવારી નોંધાવનાર રાજકીય કાર્યકરોમાં જબરદસ્ત પ્રતિસાદ

# વડોદરા ભાજપમાં ટિકિટ મેળવવા માટે પડાપડી

**1 વોર્ડ,** 200 ઉમેદવાર: 'ટોકન' લો અને વારો આવે ત્યારે દાવેદારી નોંધાવો; વડોદરાના રાજકારણમાં ગરમાવો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણીઓ પૂર્વે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટેની 'સેન્સ' લેવાની પ્રક્રિયાનો બુધવારથી ધામધૂમ પૂર્વક પ્રારંભ થયો છે. શહેરમાં ભાજપની ટિકિટ મેળવવા માટે કાર્યકરોમાં એટલો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે કે, સવારથી જ નિરીક્ષકો સમક્ષ દાવેદારોની લાંબી કતારો લાગી હતી. સ્થિતિ એવી સર્જાઈ છે કે એક-એક વોર્ડમાંથી 100 થી વધુ જેટલા મુરતિયાઓએ પોતાની દાવેદારી નોંધાવતા સંગઠન પણ અચંબામાં મુકાઈ ગયું છે.

દાવેદારોની સંખ્યા ધારણા કરતા ઘણી વધારે હોવાથી અને ભીડને કાબૂમાં લેવા માટે પક્ષ દ્વારા પ્રથમ વખત અનોખી 'ટોકન પ્રથા' દાખલ કરવામાં આવી છે. દરેક ટિકિટવાંછુને એક ટોકન આપવામાં આવે છે અને જે તે નંબર મુજબ જ નિરીક્ષકો સમક્ષ રજૂઆત કરવા દેવામાં આવે છે. આ વ્યવસ્થાનો હેતુ પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવાનો અને બિનજરૂરી ઘોંઘાટ ટાળવાનો છે.

બે દિવસ સુધી ચાલનારા આ મેળાવડામાં પ્રથમ દિવસે વિવિધ વોર્ડના દાવેદારોએ પોતાનો બાયોડેટા રજૂ કર્યો હતો. જેમાં પૂર્વ કોર્પોરેટરો, સંગઠનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં યુવા કાર્યકરોનો સમાવેશ થાય છે. કેટલાક વોર્ડમાં તો 100 થી વધુ દાવેદારો હોવાથી નિરીક્ષકો માટે પસંદગી કરવી એ લોઢાના ચણા ચાવવા જેવું સાબિત થશે.

માત્ર ઉમેદવારો જ નહીં, પણ તેમની સાથે આવેલા સમર્થકોને કારણે સેન્સ પ્રક્રિયાના સ્થળે મેળાવડા જેવો માહોલ સર્જાયો હતો. દરેક દાવેદાર પોતાની લોકપ્રિયતા સાબિત કરવા માટે સમર્થકો સાથે પહોંચ્યા હતા. પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, શિસ્ત અને સમર્પણને પ્રાધાન્ય આપવામાં આવશે, પરંતુ દાવેદારોની આટલી મોટી સંખ્યા જોતા આગામી દિવસોમાં આંતરિક ખેંચતાણ વધવાની શક્યતા નકારી શકાતી નથી.

બે દિવસની આ કવાયત બાદ નિરીક્ષકો દ્વારા તમામ દાવેદારોની વિગતો અને સ્થાનિક સમીકરણોનો અહેવાલ તૈયાર કરી પ્રદેશ ભાજપ હાઈકમાન્ડને મોકલવામાં આવશે. ત્યારબાદ આખરી નામો પર મહોર મારવામાં આવશે. અત્યારે તો વડોદરા ભાજપમાં ટિકિટ મેળવવા માટે જાણે 'મહાકુંભ' ભરાયો હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

**રેકોર્ડ બ્રેક દાવેદારી:** એક વોર્ડ દીઠ સરેરાશ 100 થી વધુ કાર્યકરો મેદાનમાં

**નવતર પ્રયોગ:** ભીડને નિયંત્રિત કરવા ભાજપે ટોકન સિસ્ટમ અપનાવી

**બે દિવસીય મંથન:** નિરીક્ષકો દ્વારા તમામ વોર્ડના દાવેદારોને સાંભળવામાં આવશે

**યુવા જોશ:** અનુભવી નેતાઓ સામે નવા અને શિક્ષિત યુવા ચહેરાઓએ પણ દાવેદારી નોંધાવી

### SC/ST બેઠકો પર દાવેદારોનો ભારે ધસારો: વોર્ડ નં. 8 માં રેકોર્ડબ્રેક ઉમેદવારી

આગામી ટર્મમાં મેયર પદ માટે SC અને ST ઉમેદવારની નિમણૂક થવાની હોવાથી આ અનામત બેઠકો પર દાવેદારોનો અભૂતપૂર્વ ઝોક જોવા મળી રહ્યો છે. વડોદરાના વિવિધ વોર્ડમાં અનામત બેઠકો પરથી ચૂંટણી લડવા માટે પડાપડી થઈ રહી છે, જેમાં ખાસ કરીને વોર્ડ નં. 8 માં સૌથી વધુ 82 થી પણ વધારે દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવીને સૌને ચોંકાવી દીધા છે.

ડભોઈ અને સિનોર પંથકની નીચે મુજબની બેઠકો માટે દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી.

**ડભોઈ નગરપાલિકા :** 9 વોર્ડની કુલ 36 બેઠકો.

**ડભોઈ તાલુકા પંચાયત :** 20 બેઠકો.

**સિનોર તાલુકા પંચાયત :** 16 બેઠકો.

**જિ.પંચાયત :** ડભોઈની 4 સિનોર વિસ્તારની 2 બેઠકો.

### 'રિપોર્ટ કાર્ડ' સાથે જંગ: કોર્પોરેટરોએ પાંચ વર્ષના કામનો હિસાબ સોંપ્યો

શહેરના 19 વોર્ડમાં અત્યાર સુધી રહી ચૂકેલા કોર્પોરેટરોએ પોતાના પાંચ વર્ષના શાસન દરમિયાન કરેલા વિકાસકામો અને કામગીરીની વિગતવાર ફાઈલો તૈયાર કરીને નિરીક્ષકો સમક્ષ રજૂ કરી છે. પોતાની કામગીરીનો 'ચિઠ્ઠો' લઈને પહોંચેલા આ નેતાઓ ફરી એકવાર પક્ષનો વિશ્વાસ જીતવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

### 80 ટકા વર્તમાન કોર્પોરેટરો પર ટિકિટ કપાઈ જવાની તલવાર

આ વખતે જ્ઞાતિ આધારિત બેઠકોની ફાળવણીએ અનેક દિગ્ગજોના ગણિત બગાડ્યા છે. વોર્ડમાં બદલાયેલા જ્ઞાતિના સમીકરણોને કારણે વર્તમાન બોડીના અંદાજે 80 ટકા જેટલા કોર્પોરેટરોની ટિકિટ કપાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.ખુદ પૂર્વ ચેરમેન કક્ષાના નેતાઓએ પણ અન્ય વોર્ડમાં નસીબ અજમાવવા ફોર્મ જમા કરાવ્યા હોવાનું જાણવા મળ્યું છે.



### 5 માસના પુત્રને ઘોડિયા સાથે ડૉ.મોનાલીબેન સેન્સ માટે પહોંચ્યા

ભાજપ કાર્યાલય ખાતે જ્યારે નિરીક્ષકો દાવેદારોના મંતવ્યો સાંભળી રહ્યા હતા, ત્યારે ડૉ. મોનાલીબેન નામની મહિલા કાર્યકર પોતાના માત્ર પાંચ મહિનાના પુત્રને લઈને કાર્યાલય પહોંચ્યા હતા. આશ્ચર્યની વાત એ હતી કે તેઓ માત્ર બાળકને જ નહીં, પણ તેની ઊંઘ અને આરામ માટે ઘોડિયું પણ સાથે લાવ્યા હતા. પક્ષ પ્રત્યેની નિષ્ઠા અને રાજકીય મહત્વકાંક્ષાની સાથે માતૃત્વની જવાબદારીના આ અનોખા દ્રશ્યો જોઈ ત્યાં હાજર અન્ય કાર્યકરો અને આગેવાનો પણ પ્રભાવિત થયા હતા. ડૉ. મોનાલીબેને જણાવ્યું હતું કે, સેન્સ લેવાની પ્રક્રિયા ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે અને એક સક્રિય કાર્યકર તરીકે તેઓ પોતાની દાવેદારી નોંધાવવા માંગતા હતા. જોકે, તેમનો દીકરો ઘણો નાનો હોવાથી તેને ઘરે એકલો મૂકી શકાય તેમ નહોતો, તેથી તેમણે બાળક અને ઘોડિયા સાથે જ ભાજપ કાર્યાલયે આવવાનું નક્કી કર્યું.

### 3 ટર્મથી સક્રિય હોય તેવા સભ્યોને જ પ્રાધાન્ય

આ વખતે પક્ષની ગાઈડલાઈન મુજબ જે કાર્યકર છેલ્લા ત્રણ ટર્મથી સતત 'સક્રિય સભ્ય' તરીકે સેવા આપી રહ્યો હોય, તેને જ ઉમેદવારીની રેસમાં પ્રાધાન્ય આપવામાં આવશે. આ નિયમનો અમલ થવાથી અચાનક બહારથી આવીને ટિકિટ લઈ જનારા એટલે કે 'સ્કાયલેબ' નેતાઓ માટે હવે પક્ષમાં કોઈ સ્થાન રહેશે નહીં. પક્ષે આ વખતે શિસ્ત અને પાયાના કાર્યકરોની મહેનતને વધુ મહત્વ આપવાનો નિર્ણય કર્યો છે. - **નીતિન ભજીયાવાળા,** પ્રદેશ નિરીક્ષક



### નિરીક્ષકો મોડા પડ્યા, પણ દાવેદારોનો જોશ વહેલો ઉમટ્યો!



મહાનગરપાલિકાની ચૂંટણીના રણશિંગા ફૂંકાતા જ વડોદરા ભાજપમાં ટિકિટ મેળવવા માટે ઘીલોડી જેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરના 4 ઝોનમાં આયોજિત દાવેદારી પ્રક્રિયામાં અંદાજે 3000 જેટલા કાર્યકરો મેદાનમાં ઉતર્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, નિરીક્ષકોને મળવા માટે સવારથી જ કાર્યકરોની લાંબી કતારો લાગી હતી. પસંદગી પ્રક્રિયામાં સમયપાલનનો ભારે અભાવ જોવા મળ્યો હતો. સવારે 9 વાગ્યાનો સત્તાવાર સમય હોવા છતાં, પ્રદેશ નિરીક્ષકો છેક 11 વાગ્યા પછી ડોકાયા હતા. 2 કલાકના વિલંબ છતાં ટિકિટ વાંછુઓનો ઉત્સાહ ઓસર્યો નહોતો અને અનેક સ્થળોએ ભીડને કાબૂમાં લેવા ટોકન પદ્ધતિનો સહારો લેવો પડ્યો હતો.

### 'ભોજન' ખૂટ્યું, સાવલી-ડેસરના કાર્યકરો ભૂખ્યા પેટે પરત ફર્યા



કાર્યાલય દ્વારા અંદાજે 120 વ્યક્તિઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, ઉત્સાહમાં આવેલા ઉમેદવારો પોતાની સાથે મોટી સંખ્યામાં સમર્થકો અને પરિવારજનોને લઈને આવ્યા હતા. પરિણામે, ભોજનની વ્યવસ્થા અપૂરતી સાબિત થઈ હતી. 120ની મર્યાદિત રસોઈ ગણતરીની મિનિટોમાં જ પૂરી થઈ ગઈ હતી, જેના કારણે પાછળથી આવેલા સાવલી-ડેસરના પાયાના કાર્યકરોને ખાલી હાથે અને ભૂખ્યા પેટે પરત ફરવું પડ્યું હતું.

## મકરપુરા રેલવે ટ્રેક નજીક ઝાડીમાંથી 26 વર્ષીય યુવકનો મૃતદેહ મળ્યો

**મુંબઈના** વિરાર ખાતે રહેતો યુવાન ત્રણ મહિના પહેલા જ લગ્નગ્રંથિથી જોડાયો હતો



(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા નજીક મકરપુરા રેલવે સ્ટેશન વચ્ચે ટ્રેનની અડફેટે આવતા મુંબઈ (વિરાર)ના 26 વર્ષીય યુવાન નીર મુકેશભાઈ છાડવાનું રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે.

રેલવે ટ્રેક નજીક આવેલા નિર્જન વિસ્તારમાં ઝાડીઓમાંથી નીરનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઘટના અંગે જાણ થતાં રેલવે પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી.

મૃતક નીર માત્ર ત્રણ મહિના પહેલા જ લગ્નગ્રંથિથી જોડાયો હતો અને પરિવારનો એકમાત્ર પુત્ર હતો. તેના આકસ્મિક અને અકાળે થયેલા અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. પોલીસને ઘટનાસ્થળેથી મૃતકનો ઓળખપત્ર, બે મોબાઈલ ફોન તેમજ ટિફિન મળી આવ્યા હતા. આ આધારે પોલીસે પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. મંગળવારે વડોદરા ખાતે પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ સ્વજનોને સોંપવામાં આવ્યો હતો.

મૃતક નીર મુંબઈથી વડોદરા કેવી રીતે અને શા માટે પહોંચ્યો હતો, તેમજ આ ઘટના પાછળના રહસ્યો અંગે રેલવે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### તરસાલી સરકારી કુમાર છાત્રાલયમાં ભોજન વ્યવસ્થા સુદ્રઢ કરાઈ

## સરકારી કુમાર છાત્રાલયમાં ભોજનના મેનુ અને ગુણવત્તામાં ચૂક બદલ કોન્ટ્રાક્ટરને નોટિસ અપાઈ

**છાત્રાલયમાં** ભોજન અને ગેસની સુવિધા સુનિશ્ચિત

**પૂ.રવિશંકર** મહારાજ સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), તરસાલીમાં ગેસ પાઇપલાઇનની કામગીરી કાર્યરત

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા સ્થિત પૂજ્ય રવિશંકર મહારાજ સરકારી કુમાર છાત્રાલય (વિ.જા), તરસાલી ખાતે ભોજનની ગુણવત્તા અને ગેસ સિલિન્ડરના અભાવ અંગે પ્રસિદ્ધ થયેલા સમાચાર અહેવાલોના સંદર્ભમાં જિલ્લા નાયબ નિયામક (વિ.જા.), વડોદરા દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે.

જિલ્લા નાયબ નિયામક (વિ.જા.), વડોદરાએ કરેલી સ્પષ્ટતા મુજબ, તરસાલી છાત્રાલયમાં હાલમાં કાયમી સુવિધાના ભાગરૂપે ગેસ પાઈપલાઈન નાખવાની કામગીરી પ્રગતિમાં છે. તા.26 માર્ચના રોજ રાત્રે ગેસ બોટલ ખાલી થઈ જતાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ચુલા પર ભોજન બનાવવામાં આવ્યું હતું. જેમાં કઢી પાતળી હોવા બાબતે વિદ્યાર્થીઓએ રાત્રે 8 વાગ્યે રજૂઆત કરતાં ભોજન કોન્ટ્રાક્ટરને તત્કાલ ગેસ બોટલની વ્યવસ્થા કરવા સૂચના અપાઈ હતી. રાત્રિ દરમિયાન ગેસ બોટલની વ્યવસ્થા થઈ હતી, પરંતુ રોટલી બનાવતી વખતે ગેસ પાઈપમાં લીકેજ સર્જાતા સુરક્ષાના કારણોસર કામગીરી રોકવી પડી હતી. ત્યારબાદ, તા.27 માર્ચના રોજ વહેલી સવારે નવી ગેસ પાઈપ લગાવીને જિલ્લા નાયબ નિયામકની સીધી દેખરેખ હેઠળ વિદ્યાર્થીઓ માટે ચા-નાસ્તા




અને ભોજનની સુચારુ વ્યવસ્થા પુનઃ સ્થાપિત કરવામાં આવી હતી. વધુમાં, છાત્રાલયની મુલાકાત દરમિયાન જાણવા મળ્યું છે કે સંસ્થામાં સોલાર વોટર હીટર અને વોટર ફિલ્ટર જેવી સુવિધાઓ કાર્યરત છે. સ્વચ્છતા અને ભોજનની ગુણવત્તા બાબતે વહીવટી તંત્ર દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી છે. આ સંદર્ભે બેદરકારી દાખવનાર ભોજન કોન્ટ્રાક્ટરને તાત્કાલિક નોટિસ પાઠવવામાં આવી છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓની રજૂઆતો પ્રત્યે યોગ્ય પ્રતિસાદ ન આપવા બદલ સમાજ કલ્યાણ નિરીક્ષક એમ.એમ. દેસાઈને પણ નોટિસ આપી ખુલાસો માંગવામાં આવ્યો છે.

અન્ય સુવિધાઓ અંગે સ્પષ્ટતા કરી છે કે, માર્ચ 2026માં ખરીદવામાં આવેલ નવી પથારી અને પાગરણનું વિતરણ વિદ્યાર્થીઓને કરી દેવામાં આવ્યું છે. છાત્રાલયમાં મહેકમ મુજબ બે ચોકીદાર ફરજ બજાવે છે અને સોલાર વોટર હિટરની સુવિધા માટે પણ અગ્રતાના ધોરણે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હોસ્ટેલમાં અસ્વચ્છતા અંગેની બાબતમાં માલૂમ પડ્યું છે કે, કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા ફાયર સેફ્ટીના બોટલના સીલ તોડી પાવડરનો છંટાવ કરવામાં આવ્યો હતો. તંત્ર વિદ્યાર્થીઓના કલ્યાણ અને પાયાની સુવિધાઓ જાળવી રાખવા માટે કટિબદ્ધ છે.

## રિવોલ્વરની FSL દ્વારા ચકાસણી ફાયરિંગ નહીં થયું હોવાનો ખુલાસો

**કરજણમાં** ભાજપ નેતાના ભાઈ સહિતની ગેંગનો બબાલમાં ફાયરિંગની અફવા ખોટી નીકળી

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા જિલ્લાના કરજણ વિસ્તારમાં સામાન લેવા ગયેલા ભાજપના નેતા ભરત ડાંગરના ભાઈ કલ્પેશ ડાંગર સહિતના શખ્સો દ્વારા સિક્યુરિટી ગાર્ડ સાથે મારામારી કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, બોલાચાલી બાદ મામલો ઉગ્ર બનતા ગેંગના કેટલાક ઈસમોએ ધારિયા જેવા હથિયાર વડે ગાર્ડ પર હુમલો કર્યો હતો.

ઘટના દરમિયાન કલ્પેશ ડાંગર દ્વારા રિવોલ્વર કાઢીને ફાયરિંગ કરવામાં આવ્યું હોવાની વાતો પણ ચર્ચામાં આવી હતી. જેના કારણે વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. જોકે, આ મામલે શરૂઆતમાં કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નહોતી તેમજ હથિયારબંધીનો ગુનો પણ દાખલ કરવામાં આવ્યો ન હતો.

આ બનાવમાં ઘાયલ બનેલા સિક્યુરિટી ગાર્ડે આખરે એસપી કચેરીનો દરવાજો ખટખટાવી ન્યાયની માંગણી કરી હતી. ત્યારબાદ ડીવાયએસપી દ્વારા મામલાની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન કંપની ખાતે લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા.

પોલીસે કલ્પેશ ડાંગર પાસેની રિવોલ્વર કબજે લઈને એફએસએલમાં મોકલી તપાસ કરાવી હતી. એફએસએલના રિપોર્ટ મુજબ, રિવોલ્વરમાંથી કોઈ પણ પ્રકારનું ફાયરિંગ થયું નથી તે સ્પષ્ટ થયું છે. તેમ છતાં, ગંભીર પ્રકારની મારામારી અને હથિયારોના ઉપયોગ જેવી ઘટના બન્યા બાદ પણ હજુ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી.

### એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધ્યક્ષના હસ્તે વડોદરા એરપોર્ટ ડિરેક્ટરને એવોર્ડ એનાયત

## એરપોર્ટ ગ્રાહક સંતોષ સર્વેક્ષણ 2025માં વડોદરા એરપોર્ટ બીજા નંબરે

**રાજ્યના** રેન્કિંગમાં વડોદરા એરપોર્ટનો 5 માંથી 4.92, જામનગર 4.88 સાથે બીજા તથા સુરત એરપોર્ટ 4.87 સ્કાર સાથે ત્રીજા સ્થાને

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા એરપોર્ટને ગ્રાહક સંતોષ સર્વેક્ષણ 2025 માં (કેટેગરી II) એરપોર્ટ હેઠળ બીજો ક્રમાંક મેળવ્યો છે. વડોદરા એરપોર્ટ વાર્ષિક 0.5 થી 1.5 મિલિયન મુસાફરોનું સંચાલન કરે છે. નવી દિલ્હીમાં આયોજિત એક સમારંભમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધ્યક્ષના હસ્તે વડોદરા એરપોર્ટ ડિરેક્ટર એમએસઆઈ દાઉદને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ માન્યતા મુસાફરોના અનુભવ અને સેવાની ગુણવત્તા વધારવા માટે વડોદરા એરપોર્ટના







સતત પ્રયાસોને પ્રકાશિત કરે છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, વડોદરા, ગ્રાહક સંતોષને મુખ્ય કાર્યકારી ધ્યેય તરીકે પ્રાથમિકતા આપવા માટે પ્રતિબદ્ધ છે.

નોંધનીય છે કે, ભારતભરના 60 જેટલા એરપોર્ટ પર વ્યાપક ગ્રાહક સંતોષ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં એરપોર્ટમાં રહેલી ગ્રાહકો માટેની સુવિધાઓ અને સ્ટાફ દ્વારા કરવામાં આવતી સેવાઓ અને ત્યારબાદ મુસાફરોના એકંદર અનુભવ સહિત વિવિધ પરિમાણોને આધીન ગ્રાહકના સંતોષનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જ્યારે, ગત વર્ષે જુલાઈમાં ગુજરાત રાજ્યના રેન્કિંગમાં વડોદરા એરપોર્ટ 5 માંથી 4.92 સ્કોર અને જામનગર એરપોર્ટ સ્કોર 5 માંથી 4.88 સ્કોર સાથે બીજા સ્થાને તથા ત્રીજા સ્થાને સુરત એરપોર્ટ સ્કોર 5 માંથી 4.87 તેમજ ભાવનગર એરપોર્ટ સ્કોર 5 માંથી 4.77 અને લાસ્ટમાં કેશોદ એરપોર્ટ સ્કોર 5 માંથી 4.41 સ્કોર પર રહ્યું હતું.

### 4 ટકા જગ્યાઓ દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત

## ધોરણ 1થી 5 માટે 11 હજાર વિદ્યાસહાયકોની ભરતીની જાહેરાત

**15થી** 24 એપ્રિલ સુધી ઓનલાઇન અરજી કરી શકાશે, D.El.Ed. અંતિમ વર્ષના ઉમેદવારોને પણ તક

(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખામી દૂર કરવા માટે મોટી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. ધોરણ 1 થી 5 ગુજરાતી માધ્યમ માટે કુલ 11,000 વિદ્યાસહાયકોની સીધી ભરતી કરવામાં આવશે. આ ભરતી જિલ્લા તથા નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ માટે કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા જાહેર કરાયેલ




માહિતી મુજબ, ઉમેદવારો 15 એપ્રિલ, 2026 સવારે 12:00 વાગ્યાથી 24 એપ્રિલ, 2026 બપોરે 3:00 વાગ્યા સુધી ઓનલાઈન અરજી કરી શકશે. ઉમેદવારોને સત્તાવાર પોર્ટલ પર જઈ નોંધણી કરવાની રહેશે.

ભરતી પ્રક્રિયામાં કુલ જગ્યાઓમાંથી 4 ટકા જગ્યાઓ દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખવામાં આવી છે. સાથે જ D.El.Ed.ના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા અને TET-1 પાસ ઉમેદવારોને પણ શરતી ધોરણે અરજી કરવાની તક આપવામાં આવી છે.

હાલમાં જિલ્લાફેર બદલી કેમ્પની પ્રક્રિયા ચાલુ હોવાથી, તે પૂર્ણ થયા બાદ જિલ્લાવાર ખાલી જગ્યાઓની વિગત વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ઉમેદવારોને અરજી કરતા પહેલાં તમામ સૂચનાઓ અને લાયકાતના ધોરણો ધ્યાનપૂર્વક વાંચવાની સૂચના આપવામાં આવી છે.

શિક્ષણ વિભાગના આ નિર્ણયથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ ઘટાડવામાં મદદ મળશે તેમજ હજારો શિક્ષિત બેરોજગાર યુવાનો માટે રોજગારના નવા અવસર ઊભા થશે.